ગુજરાત માહિતી બ્યુરો
ગુજરાત સરકાર, રાજકોટ
Web site : www.gujaratinformation.net
તા. ૨૦ ડીસેમ્બર -૨૦૧૩ સ.સં. ૧૪૨૮

# શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૧૬૦૬૮૩ બાળકોની કરવામાં આવેલ આરોગ્ય તપાસણી

**રાજકોટ તા. ૨૦ ડીસેમ્બર –** રાજયના તમામ બાળકોની તંદુરસ્તી માટે, રાજયની ભાવિ પેઢીના આરોગ્યનું જતન કરવા માટે સમગ્ર રાજયમાં અને રાજકોટ જિલ્લામાં ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ શરૂ થયેલ છે. આ કાર્યક્રમ અન્વયે ૦ થી ૧૮ વર્ષના રાજયના ૧.૫ કરોડ અને રાજકોટ જિલ્લાના ૬૦૮૫૬૧ બાળકોની આરોગ્ય ટીમ દ્વારા આરોગ્ય તપાસણી કરવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત તબીબી અધિકારીની આગેવાની નીચે આરોગ્ય ટીમ દ્વારા દરેક શાળામાં જઇને બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવશે. બિમાર બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવશે. દ્રષ્ટિની ખામીવાળા બાળકોને ચશ્મા અપાશે. વધુ બિમાર બાળકોને નિષ્ણાંત પાસે મોકલવામાં આવશે. તેમજ હ્યદય, કિડની, કેન્સરની બિમારીવાળા બાળકોને સુપર સ્પેશ્યાલીસ્ટ પાસે મોકલવામાં આવશે.

તા.૧૬/૧૨/૨૦૧૩ સુધીમાં પૂર્ણ થયેલ બીજા સપ્તાહ સુધીમાં ૧૬૦૬૮૩ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી છે. તે પૈકી ૧૭૫૭૧ સામાન્ય બિમારીવાળા બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી છે અને ૧૦૦૯ બાળકોને નિષ્ણાંત ડોકટર પાસે રીફર કરવામાં આવેલ છે. જયાં તેમની મફત સારવાર કરવામાં આવેલી છે.

આ સમય દરમિયાન ૫૩૪ પાણીના સ્ત્રોતની સફાઇ કરવામાં આવી છે. ૮૯૩ ગામ સફાઇ, શાળા સફાઇ કરવામાં આવી છે. ૧૮૮૩ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. ૧૪૯ બાળ તંદુરસ્તી હરીફાઇ, ૮૪ સગર્ભા માતા હરીફાઇ, ૯૨ વાનગી હરીફાઇ, ૫૭ રેલી, ૧૫૦ દાદા- દાદી મીટીંગ, ૨૯૫ બાળગીતો, ૧૮૪ આરોગ્યપ્રદ રમતો, ૭૦ વકતૃત્વ સ્પર્ધા, ૮૮ ગામ સંજીવની સમિતિ સભા, ૧૫૮ ઇનામ વિતરણ વગેરે જેવી પ્રવૃતિ કરવામાં આવી છે.

આ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૦ થી ૧૮ વર્ષના ૬૦૮૫૬૧ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવશે. આ માટે કૂલ ૨૦૦ ટીમ બનાવવામાં આવી છે. જે જિલ્લાના તમામ ગામોમાં જઇને શાળામાં બાળકોની આરોગ્ય તપાસણી કરશે. જિલ્લાની કૂલ ૪૨૩૬ શાળામાં અને ૧૯૩૬ આંગણવાડીમાં આ કામગીરી કરવામાં આવશે. રેફરલ સેવાઓ માટે ૧૪ નિષ્ણાંત તબીબો સેવાઓ આપશે.

જિલ્લા વિકાસ અધિકારી ડો. ધવલ પટેલના માર્ગદર્શન નીચે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.એસ. સંઘવી, ડો. કતીરા, જિલ્લા આઇ.ઇ.સી. અધિકારી શ્રી એમ.એમ. ઝાલા તથા શ્રી એસ.એન. ઢોલ, શ્રી જોબનપુત્રા આ કામગીરી સંભાળી રહયા છે. આ કાર્યક્રમમાં જિલ્લાના તમામ તબીબી અધિકારીઓ, આરોગ્ય કર્મચારીઓ, શિક્ષકો તથા આશા જોડાયેલા છે.

દર્શન/ડેલા. ૦૦૦૦૦૦

ગુજરાત માહિતી બ્યુરો
ગુજરાત સરકાર, રાજકોટ
Web site : www.gujaratinformation.net
તા. ૨૦ ડીસેમ્બર -૨૦૧૩ સ.સં. ૧૪૨૯

# રાજયના શહેરોના વિકાસ માટે ૧૫ હજાર કરોડની ફાળવણી

### -શહેરી વિકાસ મંત્રીશ્રી આનંદીબેન પટેલ

## રાજકોટ ખાતે " મુખ્ય મંત્રી ગૃહ યોજના" અંતર્ગત ૧૦૨૦ આવાસના નિર્માણ મંત્રીશ્રીનાં હસ્તે ખાત મુહૂર્ત

### રૂ. ૧.૩૫ કરોડનાં ખર્ચે નવનિર્મિત થયેલ સંત પુનિત મહારાજ પ્રા. શાળાનું લોકાર્પણ

### રૂ. ૧૫.૪૮ કરોડનાં ખર્ચે તૈયાર થનાર વોટર ફિલ્ટર પ્લાન્ટ અને રૂ. ૬.૪૧ કરોડ ખર્ચે નિર્માણ પામનાર હાઇ લેવલ બ્રિજનુ ખાત મુહૂત થયુ

**રાજકોટ તા. ૨૦ ડીસેમ્બર –** રાજયના તમામ શહેરોના સમતુલીત વિકાસ માટે અને શહેરના લોકોને તમામ પ્રાથમિક સુવિધા મળી રહે તે માટે સરકારે નકકર આયોજન કર્યું છે અને તે માટે રૂ.૧૫ હજાર કરોડની શહેરી વિકાસ માટે ગ્રાન્ટની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે. તેમ શહેરી વિકાસ મંત્રી શ્રી આનંદીબેન પટેલે આજરોજ શ્રી સંત પુનીત મહારાજ પ્રાથમિક શાળા રાજકોટ ખાતે લોકાર્પણ અને મુહુર્ત સમારોહમાં ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું.

રાજય સરકાર દ્વારા ''સૌનો સાથ સૌનો વિકાસ'' નાં મંત્રને ધ્યાનમાં રાખી સમાજના દરેક વર્ગનો સમતોલ, સર્વાંગી અને સમરસ વિકાસ થાય તે માટે કટીબધ્ધ છે અને તે માટે રાજય સરકાર ધ્વારા ''મુખ્ય મંત્રી ગૃહ યોજના'' જેવી અનેકવિધ કલ્યાણકારી યોજનોઓ અમલમાં મુકવામાં આવી છે તેમ રાજયનાં શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ મંત્રીશ્રી આનંદીબેન પટેલે આજરોજ રાજકોટ ખાતે અનેકવિધ વિકાસકામોનાં લોકાપર્ણ અને ખાતમુર્હૂત કર્યા બાદ જણાવ્યુ હતુ.

રાજકોટ ખાતે રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ''મુખ્ય મંત્રી ગૃહ યોજના'' અંતર્ગત રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ દ્વારા આર્થિક રીતે નબળા તથા ઓછી આવક ધરાવતા લોકો માટે રૂ. ૭૦ કરોડનાં ખર્ચે ૧૦૨૦ આવાસોનું નિમાર્ણ થશે જેનું ખાતમુર્હત મંત્રીશ્રી આનંદીબેન પટેલનાં વરદ હસ્તે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમની સાથે કૃષિ રાજયમંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલ, મેયરશ્રી રક્ષાબેન બોળિયા, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના ચેરમેન શ્રી વિજયભાઇ રૂપાણી વગેરે મહાનુભાવો સાથે રહયા હતા.

પાના નં.૨

શહેરી મંત્રીશ્રી આનંદીબેન પટેલે "મુખ્ય મંત્રી ગૃહ યોજના" આવાસની ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કર્યા બાદ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૨૧ ખાતે રૂ. ૧.૩૫ કરોડનાં ખર્ચે નવનિર્માણ પામેલ સંત પુનીત મહારાજ પ્રાથમિક શાળા નં. ૮૭નાં બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. તેમજ વોર્ડ નં. ૧૩ ખાતે રૂ. ૬.૪૧ કરોડનાં ખર્ચે તૈયાર થનાર હાઇ-લેવલ બ્રિજનું ખાત મુહૂર્ત અને રૂ. ૧૫.૪૬ કરોડનાં ખર્ચથી બનનાર અધતન બેડી વોટર પ્લાન્ટનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું.

મંત્રીશ્રી આનંદીબેને જણાવ્યું હતું કે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલે ૫૬૨ જેટલા રજવાડાનું એકત્રિકરણ કરી દેશને એક તાંતણે બાંધેલ છે. આપણે વિશ્વના સૌથી ઉંચા ૧૮૨ મીટરનું સરદાર સાહેબનાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરી રહયા છીએ. તેમાં આપણે સૌએ સહભાગી બનવાનું છે. જે માટે રાજય સરકાર દ્વારા તમામ હાઇસ્કુલો, કોલેજોમાં નિબંધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિજેતા થનારા માટે રૂ.૨.૫૦ કરોડના રાજય સરકાર પ્રોત્સાહિત ઇનામ આપશે તેમજ દરેક વોર્ડ વિસ્તારમાંથી પવિત્ર માટીનું એકત્રિતકરણ કરવામાં આવશે અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુમાં વિશાળ મ્યુઝીયમ બનાવવામાં આવશે ત્યાં આ માટી સંગ્રહિત કરવામાં આવશે તેમજ દરેક વોર્ડ, વિસ્તાર, શાળા- કોલેજમાં ચોક્કસ માપનું સહી કરવા માટે કાપડ મોકલવામાં આવશે જે પરત આવતા કૂલ ૮૪ કિલો મીટર લંબાઇનું કાપડ બનશે. જે પણ સ્ટેચ્યુ ઓફ યુનિટીની બાજુમાં બનનાર વિશાળ મ્યુઝીયમ ખાતે સ્મૃતિચિન્હ રૂપે રાખવામાં આવશે. આ મહા ભગીરથ કાર્યમાં ઉત્સાહભેર ભાગ લેવા મંત્રીશ્રીએ ઉપસ્થિત તમામને અનુરોધ કર્યો હતો.

કૃષિ રાજય મંત્રીશ્રી ગોવિંદભાઇ પટેલએ પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ગુજરાતે છેલ્લા બાર વર્ષમાં અનેકવિધ વિકાસકામો કરીને દેશમાં અગ્રીમ હરોળનું રાજય બન્યું છે અને રાજય સરકારે વિકાસની વણથંભી યાત્રા શરૂ કરી છે જેની આજે દેશ અને દુનિયાને પણ નોંધ લેવી પડે છે. સૌરાષ્ટ્રના પીવાના પાણીના પ્રશ્નોનું કાયમી નિરાકરણ માટે રાજય સરકારે માઇક્રો પ્લાનીંગ કરી આગોતરૂ આયોજન કર્યું છે અને સૌરાષ્ટ્રમાં ખેતીની સાથે ઉદ્યોગનો પણ સમતોલ વિકાસ થાય તે માટે રાજય સરકારે રૂ.૧૦ હજાર કરોડના ખર્ચ વાળી મહત્વાકાંક્ષી યોજના "સૌની યોજના" અમલમાં મુકી છે. જે પૂર્ણ થતાં જ સૌરાષ્ટ્ર માટે વિકાસના અનેક દ્વાર ખુલી જશે.

રાજકોટ મહાનગરપાલિકાનાં મેયરશ્રી રક્ષાબેન બોળિયાએ તેમના પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, રાજકોટમાં વિકાસકામોની વણથંભી વિકાસયાત્રા શરૂ છે. તેમાં આજે રૂ.૧૦૦ કરોડના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવ્યા છે જે રાજય સરકારની વિકાસકામો માટેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. રાજકોટ શહેરની તમામ પ્રાથમિક જરૂરીયાતોને પુરી પાડવા માટે રાજકોટ મહાનગરપાલિકા પણ કટીબધ્ધ છે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રીભાનુબેન બાબરીયા, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના ચેરમેન શ્રી વિજયભાઇ રૂપાણી, અગ્રણી સર્વશ્રી સંધ્યાબેન વ્યાસ, શ્રી ભીખાભાઇ વસોયા, શ્રી ધનસુખભાઇ ભંડેરી, શ્રી નીતીનભાઇ ભારધ્વાજ, શ્રી કશ્યપભાઇ શુકલ, શ્રી ધર્મેશભાઇ મીરાણી, નાયબ મેયરશ્રી વિનુભાઇ ધવા, વોટર વર્કસ સમિતિનાં ચેરમેનશ્રી શામજીભાઇ ચાવડા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેનશ્રી દેવાંગ માંકડ, બાંધકામ સમિતિનાં ચેરમેનશ્રી નરેન્દ્રભાઇ ડવ, કોર્પોરેટરશ્રીઓ, જિલ્લા કલેકટર ડો. રાજેન્દર કુમાર, જિલ્લાના પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ તથા વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહયા હતા.

સ્વાગત પ્રવચન રાજકોટ મહાનગરપાલિકા કમિશ્નરશ્રી અને રાજકોટ શહેરી વિકાસ સતા મંડળ નાં અધ્યક્ષશ્રી અજય ભાદુએ અને આભાર વિધિ રાજકોટ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન શ્રી રાજેન્દ્રસિંહ ઝાલાએ કરી હતી.

જે.ડી./ડેલા.                    ૦૦૦૦૦